■ દેવાંશુ દેસાઈ (અગાસ-ધરમપુર-પરલી-કોબા-સાયલા)
તસવીરોઃ મૌલિક કોટક

ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક

# શ્રીમદ્ રાજચંદ્રનો દેશ-

પવિત્ર શ્રાવણ મહિનો પૂરો થયો અને હમણાં જૈનોનાં પવિત્ર પર્યુષણ પણ સમાપ્ત થયાં. હિંદુ હોય કે જૈન, આ સમયગાળા દરમિયાન મુંબઈ-અમદાવાદ કે નવસારી-વલસાડ જેવાં નાનાં-મોટાં શહેરોથી લઈને ગામડાંગામમાં સૌથી વધુ ધાર્મિક વ્યાખ્યાન, પ્રવચનો થાય છે.

*ધર્મ શું છે? સત્ય શું? ઉપવાસ કેવી રીતે કરવા? નિર્જળા ઉપવાસમાં શું પી શકાય અને શું નહીં? શંકરનાં દર્શન કેવી રીતે કરવાં? સૂર્યાસ્ત પહેલાં ભોજન શા માટે કરવું,* વગેરે વગેરે જિજ્ઞાસાના જવાબ ભક્તો-મુમુક્ષુઓ શોધતા રહે છે અને શ્રદ્ધાળુઓ જીવનભર આ પંથ, પેલા પંથ વચ્ચે ભટકતા રહે છે. બહુ ઓછાને સાચો પંથ-સાચા ગુરુ મળે છે, છતાં એકવીસમી સદીમાં વધુ ને વધુ લોકો ધર્મ-ગુરુને શરણે જઈ રહ્યા છે એ હકીકત છે.

*ચિત્રલેખા*માં અત્યાર સુધી તમે સ્વામિનારાયણના પંથ, ઓશો, બ્રહ્માકુમારીથી લઈને વિવિધ પંથ-ધર્મ-સંપ્રદાય વિશે વાંચ્યું હશે. આજે અહીં શ્રીમદ્ રાજચંદ્રની વાત કરવી છે. આમલોકો માટે તો શ્રીમદ્ એટલે ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક. બાપુને જ્યારે આધ્યાત્મિક પ્રશ્નો મૂંઝવતા ત્યારે એ શ્રીમદને પત્ર લખીને સલાહ લેતા. ગાંધીજીએ લખ્યું છે કે મારા પર ત્રણ વ્યક્તિનો પ્રભાવ-કવિ રાયચંદભાઈ, રસ્કિન અને ટોલસ્ટૉય. આ ત્રણેમાં કવિ રાયચંદભાઈનો વિશેષ પ્રભાવ.


આ રાયચંદભાઈ એ જ શ્રીમદ્ રાજચંદ્ર...

શ્રીમદ્ માટે કહેવાય છે કે આયુષ્યના સાતમા વર્ષે જ એમને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. પરિણામે એમને પાછલા નવસો ભવનું જ્ઞાન થયું, જે મુજબ પચ્ચીસસો વર્ષ પહેલાં એ ભગવાન મહાવીરના અંતિમ શિષ્ય હતા.

જન્મે વૈષ્ણવ એવા શ્રીમદે ભગવાન મહાવીરના વિચારોને આગળ ધપાવ્યા. બાહ્યક્રિયા કરતાં એ આત્માના કલ્યાણ માટે આંતરિક ક્રિયા પર વધુ ભાર મૂકતા અને અહીં એ જૈનાચાર્યો કરતાં અલગ પડતા હતા.

શ્રીમદ્ માનતા કે ધર્મ એટલે આત્માની ઓળખ-આત્માની સેવા. માત્ર સવાર-સાંજ બે-બે કલાક પ્રભુસેવા કરવી કે સમાજસેવા એવું નહીં. તમારા આત્માને ઓળખો તો આપોઆપ વિચારો સુધરશે. ઈશ્વર બહાર નથી, તમારી અંદર છે. એની ઓળખ થશે પછી બહાર ક્યાંય ખોટાં ફાંફાં મારવાં નહીં પડે.


બસ, આટલી સરળ વાત શ્રીમદ્ એમના ટૂંકા આયુષ્યમાં સમજાવી ગયા. માણસ પોતે જ પોતાનું કલ્યાણ કરે તો આપોઆપ સમાજનું કલ્યાણ થાય. એમના વિચારોમાં અધ્યાત્મની સાથે વિજ્ઞાન પણ હતું. જોવાની ખૂબી એ છે કે ગૃહસ્થ શ્રીમદની હયાતીમાં એમનો પોતાનો કોઈ પંથ કે આશ્રમ નહોતા. એમના મૃત્યુનાં છેક પંદર વર્ષ પછી નાનકડો આશ્રમ બન્યો. ત્યાર બાદ ૮૬ વર્ષ વહી ગયાં. એમાંય છેલ્લાં પંદર વર્ષમાં દેશ-વિદેશમાં શ્રીમદના વિચારોને આગળ ધપાવતી આશરે ૫૬ અલગ અલગ સંસ્થા શરૂ થઈ છે. દરેકની મંજિલ એક છે, પણ રસ્તા અલગ છે. સંસ્થાઓ વચ્ચે વિવાદ નથી. શ્રીમદ્ રાજચંદ્રનો આ એકમાત્ર એવો પંથ છે, જેમાં કોઈ એક પીઠ-ગાદી નથી. હા, આ બધામાં સૌથી જૂના આશ્રમ અગાસની મહત્તા-મહત્ત્વ બધા કરતાં વિશેષ છે. શ્રીમદ્ વિશે વાત કરતી વખતે તમામ ભક્તો એમને *પરમ કૃપાળુ દેવ*નું સંબોધન કરે છે. કૃપાળુ દેવને જ એ લોકો ભગવાન માને. જલારામબાપા કે શિરડીના સાંઈબાબાની જેમ શ્રીમદ્ રાયચંદ પણ અવતારી પુરુષ ગણાતા તો આવા આજથી ૧૪૦ વર્ષ પહેલાં જન્મેલા શ્રીમદજીનું કેવું હતું જીવન?



આશરે ૧૦૬ વર્ષ જૂનો શ્રીમદનો ઓરિજિનલ ફોટો અને હસ્તલિખિત લખાણ એમના એક વંશજ પાસે છે.



શ્રીમદ્ રા



શ્રીમદનો જન્મ સૌરાષ્ટ્રના વવાણિયા ગામે ૧૮૬૭ની સાલમાં થયો હતો. શ્રીમદના પિતા રવજીભાઈ વૈષ્ણવ હતા, જ્યારે માતા દેવબાઈ જૈન હતાં એટલે શ્રીમદમાં બન્ને સંસ્કારોનું સિંચન થયું હતું, પણ જૈન સંસ્કારની અસર એમના પર વધુ.

શ્રીમદની સ્મરણશક્તિ એટલી સતેજ હતી કે શાળામાં શિક્ષક પાઠ વાંચે એ દરમિયાન આખેઆખા પાઠ એમને કંઠસ્થ થઈ જતા. આઠમા વર્ષે એમણે કવિતા લખવાની શરૂઆત કરી. પ્રથમ વર્ષે પાંચ હજાર કડી રચી હતી. ટૂંકમાં, આ મેધાવી, જ્ઞાની પુરુષ સાત-આઠ વરસના હતા ત્યારે જ એમના વિશે આગાહી થવા માંડી હતી કે આ છોકરો આગળ જતાં મહાપ્રતાપી થશે. બારમે વર્ષે *ઘડિયાળ* પર તત્ત્વસહિત ત્રણસો કડી એમણે એક જ દિવસમાં રચી હતી.

# -વિદેશમાં વધતો વ્યાપ

**શ્રીમદની હયાતીમાં એમનો પોતાનો કોઈ આશ્રમ નહોતો. મૃત્યુનાં પંદર વરસ પછી નાનકડો આશ્રમ બન્યો. વચ્ચે ૮૬ વરસ વહી ગયાં. છેલ્લાં થોડાં વરસમાં દેશ-વિદેશમાં ૫૬ સંસ્થા શરૂ થઈ છે. દરેકની મંજિલ એક છે, પણ રસ્તા અલગ છે. કેવો છે શ્રીમદનો પંથ અને કેવી છે એની ફિલોસોફી?**



પ્રદીપ વ્યાસ

*જચંદ્ર આશ્રમ, અગાસ*

શ્રીમદનું બાળપણનું નામ લક્ષ્મીનંદન. વીસ વર્ષની ઉંમરે હીરાનો વેપાર કરવા મુંબઈ આવ્યા ત્યારે બધા એમને રાયચંદ તરીકે ઓળખતા. જો કે ૧૩-૧૪મા વર્ષે વિવિધ સામયિકમાં એ *રાજચંદ્ર* નામથી કવિતા લખતા એટલે વિદ્વાનોમાં શ્રીમદ્ રાજચંદ્ર નામથી પ્રસિદ્ધ થયા. ૧૬ વર્ષ અને પાંચ મહિનાની ઉંમર હતી ત્યારે શ્રીમદે ત્રણ દિવસની અંદર જ *મોક્ષમાળા* નામનો ગ્રંથ એકસો આઠ પાઠ રૂપે લખી પ્રગટ કર્યો, જેમાં જૈન ધર્મના સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન થયો છે.

એ જ પ્રમાણે ૨૯ વર્ષની ઉંમરે માત્ર દોઢ કલાકમાં *આત્મસિદ્ધિ શાસ્ત્ર*ની રચના કરી હતી. શ્રીમદના ભક્તો માટે *મોક્ષમાળા* અને *આત્મસિદ્ધિ શાસ્ત્ર*નું અદકેરું મહત્ત્વ છે. માત્ર સાત વર્ષની ઉંમરે વવાણિયામાં સ્મશાનમાં સળગતી ચિતા જોયા બાદ શ્રીમદને જાતિસ્મરણ થયું-પાછલા નવસો ભવનું સ્મરણ થયું હતું.

શ્રીમદ્ વિશે અનેક લોકવાયકા છે, પણ ત્રણેક ઘટના એવી છે, જેની નોંધ મુંબઈનાં તમામ અખબારમાં લેવામાં આવી હતી. શ્રીમદે હજારો માણસોની વચ્ચે આઠ, બાર, બાવન અને શતાવધાન કર્યાં હતાં. એક સમયે ઘણાં બધાં કામ કરવાં એને અવધાન કહે છે. બોટાદમાં બાવન અવધાન કર્યાં ત્યારે એક તરફ એ ત્રણ જણ સાથે ચોપાટ રમે, એ જ સમયે બાજુમાં બેઠેલી અન્ય ત્રણ વ્યક્તિ સાથે ગંજીફો રમે, સાતમી વ્યક્તિ સાથે શતરંજ રમે, વચ્ચે ઝાલરના ટકોરા ગણતા જાય... આવાં બાવન કામ એમણે એકસાથે કર્યાં હતાં. એ જ પ્રમાણે મુંબઈમાં શતાવધાન (સો અવધાન)નો પ્રયોગ *ફરામજી કાવસજી ઈન્સ્ટિટ્યૂટ*માં ડૉ. પીટરસનના અધ્યક્ષપદે હજારો દર્શક સમક્ષ કર્યો હતો, જેની નોંધ એ સમયે *મુંબઈ સમાચાર, ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, જામે જમશેદ* અખબારોએ લીધી હતી. એટલું જ નહીં, એમને સુવર્ણચંદ્રક આપી સાક્ષાત્ સરસ્વતીનું બિરુદ આપવામાં આવ્યું હતું. અલબત્ત, આવું અવધાન પણ આત્મોન્નતિમાં બાધક જણાતાં શ્રીમદે એનો ત્યાગ કર્યો હતો.

શ્રીમદના શતાવધાન પ્રયોગથી મુંબઈમાં ઘણા શ્રીમંતો એમના પરિચયમાં આવ્યા હતા, જેમાં જમશેદજી ટાટા પણ હતા. જમશેદજી ટાટાએ પોતાના ભવ્ય બંગલામાં એમને આમંત્રણ આપી બોલાવ્યા હતા. બંગલો, રાચરચીલું જોયા બાદ શ્રીમદે કહ્યું હતું કે *આને કોણ ભોગવશે?*

શ્રીમદજીની આ વાત આગળ જતાં સમગ્ર ટાટા સામ્રાજ્ય માટે સાચી પડી. ગાંધીજી બેરિસ્ટર થઈને લંડનથી મુંબઈ આવ્યા ત્યારે મુંબઈમાં હીરાનો વેપાર

કરનારા શ્રીમદ્ સાથે પ્રથમ વાર પરિચય થયો.

બાપુએ અહિંસાનું સીધું પાન અને ભાન આ શ્રીમદ્ થકી કર્યું હતું. ગાંધીજી જ્યારે પણ કોઈ પ્રશ્નથી મૂંઝાય ત્યારે શ્રીમદનો પત્ર દ્વારા સંપર્ક કરતા અને જવાબ મેળવતા એટલે જ ગાંધીજીએ શ્રીમદને પોતાના *આધ્યાત્મિક માર્ગદર્શક* કહ્યા. શ્રીમદ્ ગાંધી કરતાં ઉંમરમાં માત્ર બે વર્ષ મોટા હતા. ચહેરેમહોરે શ્રીમદ્ અને ગાંધીમાં ઘણું સામ્ય હતું.

શ્રીમદ્ વિશે કહેવાય છે કે એમના પરિચયમાં આવેલા લોકોના મનની વાત, એમના હેતુ, પ્રશ્ન વગર બોલ્યે જ એ જાણી જતા. શ્રોતા પ્રશ્ન પૂછે એ પહેલાં એમને જવાબ આપી દેતા. આવા ચમત્કાર બાબતે શ્રીમદે જણાવ્યું હતું કે આત્માની અનંત શક્તિઓ દ્વારા એ ભવિષ્ય અને પૂર્વજન્મની વાતો જાણતા. શ્રીમદે પોતાના જીવનકાળ



*અગાસના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં વહેલી સવારે, બપોરે, સાંજે, રાત્રે માત્ર અને માત્ર ભક્તિ થાય છે.*



*વડોદરાના બિપિનભાઈ અને પત્ની મૃદુલાબહેનઃ અહીં જે શાંતિ મળે છે એવું સુખ સંસારમાં નથી.*

દરમિયાન ભગવાન મહાવીરના જ્ઞાનનો પ્રચાર અને પરંપરા જ આગળ ધપાવી.

જૈન ધર્મમાં બાહ્યક્રિયા પર વધુ ભાર મૂકવામાં આવે, જ્યારે શ્રીમદ્ આંતરિક ક્રિયા પર વિશેષ ભાર મૂકતા. વળી, શ્રીમદ્ પરણેલા હતા. દીક્ષા લીધી નહોતી છતાં વિદ્વાનો એમને ગુરુ માનતા એટલે એ સમયે કેટલાક જૈન સાધુ-આચાર્યો શ્રીમદનો વિરોધ કરતા હતા. લલ્લુજી મુનિ નામના જૈન મુનિએ જ્યારે સંસારી એવા શ્રીમદને ગુરુ માન્યા ત્યારે મોટો વિરોધ થયો, પણ બન્નેમાંથી કોઈ ડગ્યું નહોતું. લલ્લુજી મુનિ ઉપરાંત સોભાગભાઈ, જૂઠાભાઈ અને અંબાલાલભાઈ નામના મુમુક્ષુઓ શ્રીમદના ખૂબ નિકટના પરિચયમાં હતા.

ભક્તોમાં *પરમ કૃપાળુ દેવ*થી ઓળખાતા શ્રીમદનું માત્ર ૩૩ વર્ષની ઉંમરે રાજકોટમાં અવસાન થયું હતું. શ્રીમદનું અવસાન થયું ત્યારે એમણે બે ગ્રંથ સિવાય કોઈ લખાણ છપાવ્યું નહોતું. એમનો કોઈ વિધિસર આશ્રમ કે ધર્મસ્થાન નહોતું, પરંતુ આજે સો વર્ષ બાદ મુંબઈ, ગુજરાત ઉપરાંત પરદેશ સહિત શ્રીમદનો પ્રચાર-પ્રસાર કરતી છપ્પન જેટલી સંસ્થા ચાલે છે. દરેક સંસ્થાનો સ્વતંત્રપણે વહીવટ ચાલે છે.

અલબત્ત, આ બધામાં સૌથી પવિત્ર સ્થળ એટલે આણંદથી પંદર કિલોમીટર દૂર આવેલું અગાસ. અહીં *શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ*માં પ્રવેશો એટલે નિર્મળ શાંતિ અનુભવાય. કોઈ અલગ જ પ્રકારના તરંગ આશ્રમમાં પ્રવેશતાં અનુભવવા મળે છે. લગભગ સિત્તેર એકરમાં ફેલાયેલા અગાસ આશ્રમમાં સત્સંગ હૉલ ઉપરાંત જિનાલય, વિશાળ લાઈબ્રેરી, ધ્યાન હૉલ, નાના બંગલા સહિત ત્રણસો રૂમ છે. અહીંની સ્વચ્છતા અને શિસ્તબદ્ધતા આંખે ઊડીને વળગે છે. ભારતભરમાં અગાસ એકમાત્ર એવું ધાર્મિક સ્થળ હશે, જ્યાં વહેલી સવારથી મોડી રાત સુધી નિરંતર માત્ર ભક્તિ-ભજનો થાય છે. આ ભક્તિ દરમિયાન કોઈ પ્રકારનાં વાજિંત્રનો ઉપયોગ કરવામાં આવતો નથી.

આશ્રમમાં રહેનારાઓએ પણ ચોક્કસ નિયમ પાળવા પડે. આશ્રમમાં ક્યાંય રેડિયો, ટીવી, ફ્રિજ જેવાં ઉપકરણ કે મનોરંજનનાં સાધન રાખી શકાય નહીં. દરેક બંગલા કે રૂમમાં સ્પીકરની વ્યવસ્થા છે. મુખ્ય સત્સંગ હૉલમાં વહેલી સવારે ચાર વાગે ભક્તિ શરૂ થઈ જાય. બીમાર કે અશક્ત વ્યક્તિ હૉલ સુધી જઈ ન શકે તો એ સ્પીકર પર ભક્તિ સાંભળીને ધરમ-ધ્યાન કરે. આશ્રમમાં ભોજનાલય છે, જ્યાં સવાર-સાંજ ભોજન તેમ જ ચા-નાસ્તો ખૂબ જ રાહત દરે આપવામાં આવે છે. માત્ર દોઢ હજાર રૂપિયામાં માણસ આખો મહિનો અહીં રહી શકે.

જો કે અહીં માત્ર ભક્તિ અને ભક્તિ કરનારને જ પ્રવેશ મળે છે. આધ્યાત્મિક નિવૃત્તિમાં ઉત્તમ સ્થાન એવા આ આશ્રમમાં રહેવાનું અને આવવાનું પ્રયોજન એક માત્ર સ્વકલ્યાણ હોવું જોઈએ અને એ માટે દૈનિક કાર્યક્રમોમાં સ્વૈચ્છિક રીતે સંપૂર્ણ શિસ્તબદ્ધતાથી હાજરી આપવી જરૂરી છે.

આ આશ્રમમાં સાત પ્રકારનાં વ્યસન ઉપરાંત વડના ટેટા, પીપળના ટેટા, ઉંબર ફળ, અંજીર, મધ અને માખણના વપરાશ પર પ્રતિબંધ છે. આશ્રમમાં વર્તમાનપત્રો લાવી-વાંચી શકાય નહીં. ટૂંકમાં, આશ્રમમાં આવનારી વ્યક્તિ પોતાના આત્માના કલ્યાણ માટે સતત ભક્તિ કરી શકે એવી અહીં વ્યવસ્થા છે. અહીં તમામ ધર્મના લોકોને આવકાર મળે છે. પટેલ, વૈષ્ણવ ઉપરાંત ભૂતકાળમાં એક મુસ્લિમ ભક્ત પણ હતો. પર્યુષણ અને દિવાળીના દિવસોમાં અહીં મુમુક્ષુઓના પરિવારજન આવે ત્યારે આશ્રમના ભોજનાલયમાં એકસાથે ચાર-પાંચ હજાર માણસ સવાર-સાંજ જમી શકે એ માટેની તમામ વ્યવસ્થા અહીં છે. આવા આશ્રમમાં યુવાનો કરતાં વૃદ્ધો વધુ નજરે પડે એ સ્વાભાવિક છે.

આશ્રમમાં અમને મળી ગયેલા બિપિનભાઈ શાહની વડોદરામાં કેમિકલ ફૅક્ટરી છે, પણ એક વાર આશ્રમમાં આવ્યા બાદ એમણે કાયમ માટે ધંધાને તિલાંજલિ આપી દીધી. બિપિનભાઈ કહે છે કે છેલ્લાં આઠ વર્ષથી મેં કોઈ સહી કરી નથી. મારી પાસે પૈસા હતા. દીકરા-દીકરીને ભણાવીને પરણાવ્યાં, પણ મનમાં મૂંઝારો થતો. ક્યાંય શાંતિ મળતી નહોતી, પણ એક વાર અગાસ ફરવા આવ્યો પછી વારંવાર આવ્યો. મારે ખાસ કહેવું છે કે અમુક ઉંમર પછી સંસાર છોડી જ દેવો. અહીં દરરોજ સવારે ચાર વાગે અમે ભક્તિ માટે ભેગા થઈએ અને ત્યારે જે શાંતિ મળે એની તુલના કોઈ સુખ સાથે થઈ શકે નહીં. આશ્રમમાં આવ્યા પછી એકઝાટકે મારી વર્ષો જૂની ગુટકાની આદત જતી રહી. ઍરકન્ડિશન વિના સૂઈ શકતો નહોતો, આજે મારી રૂમમાંથી પંખા કઢાવી નાખ્યા છે. આખી જિંદગી લોકોની-પરિવારની સેવા કરી. અહીં મારા આત્માની સેવા કરવા આવ્યો છું. અગાસમાં કાયમી નિવાસી એવા પાંચસો જણના મુખે આવી જ વાત સાંભળવા મળે.

દીપકભાઈ ભીમાણી નામના ઈલેક્ટ્રિક એન્જિનિયર ૩૦ વર્ષની ઉંમરે અમેરિકા જવાની તૈયારીમાં હતા એ વખતે અગાસ આવ્યા પછી કાયમ માટે બધું છોડીને છેલ્લાં પંદર વર્ષથી અગાસમાં વસી ગયા છે.

પારસમલ જૈન નામના મુમુક્ષુ તો માત્ર ત્રીસ વર્ષની ઉંમરે સુરતમાં ધીકતો ધંધો છોડીને છેલ્લાં ૩૭ વર્ષથી પત્ની સાથે અગાસમાં રહે છે. જેમને માત્ર આત્માના કલ્યાણની ભક્તિ કરવી છે એમના માટે અગાસ જેવું આદર્શ સ્થળ ક્યાંય નહીં મળે.

અગાસનું મહત્ત્વ એટલા માટે કે અત્યારે અહીં કોઈ દેહધારી ગુરુ જ નથી, છતાં અહીં આઠસોથી હજાર મુમુક્ષુ વર્ષોથી સંપ-સરળતાથી રહે અને એક સૈનિકની જેમ સંપૂર્ણ શિસ્ત સાથે દૈનિક જીવન જીવે છે. નિયમ પાળે છે.



શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર



આત્માર્પિત ગ્રુપનાં શિષ્ય



ધરમપુર આશ્રમના 'સાહેબશ્રી' રાકેશભાઈ ઝવેરી યુવાવર્ગના આધ્યાત્મિક હીરો છે.

શ્રીમદના અવસાનનાં પંદર વર્ષ બાદ આણંદ-અગાસ બાજુના પટેલ-વૈષ્ણવો ખાસ આગ્રહ કરીને શ્રીમદના ચાર પ્રિય શિષ્યમાં લઘુરાજસ્વામી ઉર્ફે લાલજી મુનિને લઈ આવ્યા અને નાનકડો આશ્રમ શરૂ કરાવ્યો. લઘુરાજસ્વામી એમના બાદ ગોવર્ધનભાઈ બ્રહ્મચારીજીને અધિષ્ઠાતા બનાવી ગયા, પણ બ્રહ્મચારી મુનિએ એમના અવસાન પહેલાં કોઈને અધિષ્ઠાતા નીમ્યા નહીં. એમ છતાં વર્ષોથી પ્રત્યક્ષ ગુરુ વિના અગાસના આશ્રમનો વહીવટ ખૂબ સરળતાથી ચાલે છે. શ્રીમદ્ વિશેનાં પુસ્તકો છપાવવાનું કામ પણ અગાસ દ્વારા જ થાય છે. અઢીસો રૂપિયાનું પુસ્તક માત્ર પચાસ રૂપિયાના દરે મળી રહે એવી જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીજી અને શ્રીમદ્ વચ્ચેના સવાલ-જવાબની નાનકડી પુસ્તિકા માત્ર બે રૂપિયામાં મળે છે. શ્રીમદજીમાં રસ ધરાવનારાએ અંગ્રેજી-ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલી આ પુસ્તિકા ખાસ વાંચી જવી જોઈએ.

આ પુસ્તકો અગાસ ઉપરાંત લગભગ ૫૬ જેટલી શ્રીમદ્ રાજચંદ્રની વિવિધ સંસ્થાના મુમુક્ષુઓ સુધી પહોંચે છે. આ ૫૬ સંસ્થામાં ચારેક સંસ્થાનો વ્યાપ દેશ ઉપરાંત પરદેશમાં વધી રહ્યો છે. આ સંસ્થાની ભક્તિની રીત અગાસ જેવી છે, પણ પદ્ધતિ કદાચ થોડી અલગ છે. ભક્તિની સાથે ત્યાં સમાજસેવાનાં કાર્ય પણ થાય છે. અગાસ જેવું કડક શિસ્તપાલન અહીં હોતું નથી એટલે કેટલાક ચુસ્ત અગાસવાસી કે શ્રીમદ્ મુમુક્ષુઓને બીજા આશ્રમની પ્રવૃત્તિ કદાચ ખટકે છે, પણ હકીકત એ છે કે આ અન્ય સંસ્થાઓ થકી છેલ્લાં થોડાં વર્ષમાં શ્રીમદનો પ્રચાર જબ્બર વધ્યો છે. શ્રીમદની એક સંસ્થા અમદાવાદથી વીસ કિલોમીટર દૂર કોબા ખાતે, બીજી સુરેન્દ્રનગરના સાયલામાં, ત્રીજી સંસ્થા ધરમપુર અને ચોથી મુંબઈથી સો કિલોમીટર દૂર પરલીમાં છે. નાસિક નજીક દેવલાલીમાં પણ વર્ષોથી શ્રીમદનો આશ્રમ છે. આ ઉપરાંત, પચાસેક જેટલી નાની સંસ્થા કાર્યરત છે. આ તમામ સંસ્થા સ્વતંત્રપણે વહીવટ કરે છે. શ્રીમદ્ રાજચંદ્રના નામે ચાલતી સંસ્થાના અધિષ્ઠાતાને એમના મુમુક્ષુઓ ગુરુ માને છે. અગાસની જેમ અહીં નિરંતર ભક્તિ નથી, પણ દરેક આશ્રમની પોતપોતાની શિસ્ત અને સ્વચ્છતા નોંધનીય છે.

શ્રીમદ્ રાજચંદ્રનાં આજે અમેરિકા, ઈંગ્લેન્ડ, આફ્રિકા, મલયેશિયા, ઈસ્તમ્બુલ સહિત પંદરેક દેશમાં સેન્ટર શરૂ થયાં છે, જેનું શ્રેય ધરમપુર આશ્રમના અધિષ્ઠાતા રાકેશભાઈ ઝવેરી તથા સાયલાના ભાઈશ્રી નલિનભાઈને આપવું જોઈએ.

પાંચ વર્ષ પૂર્વે ધરમપુરના રાજાનો ખંડિયેર બની ગયેલો મહેલ ખરીદી એને ફરી સજાવીને *શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ* શરૂ કરનારા રાકેશભાઈ ઝવેરી આજની તારીખે સૌથી વધુ ચર્ચામાં છે. જેમ એક જમાનામાં મુંબઈમાં રજનીશનાં પ્રવચન અને જૈન મુનિ (પાછળથી સંસારી બની ગયેલા) ચિત્રભાનુ મહારાજને સાંભળવા જૈનો પડાપડી કરતા એવો જ જાદુ અત્યારે રાકેશભાઈ ઝવેરીનો છે. એમના મુમુક્ષુઓ એમને *સાહેબશ્રી* અને *બાપાજી* કહીને બોલાવે છે. અનુયાયીઓમાં જૈન-ગુજરાતી અને ઈતર કોમનાં યુવક-યુવતીઓ સૌથી વધુ પ્રમાણમાં છે. એમનાં પ્રવચનમાંનાં સચોટ દૃષ્ટાંત અને તર્કબદ્ધ દલીલો લોકોને આકર્ષે છે. રજનીશની જેમ એમનાં પ્રવચનમાં મુલ્લા નસીરુદ્દીનનો વારંવાર ઉલ્લેખ આવે છે. વાલકેશ્વર ખાતે માતા-પિતા અને ભાઈ-ભાભીના પરિવાર સાથે રહેતા રાકેશભાઈ અપરિણીત છે. મહિનાના દર બીજા રવિવારે મુંબઈ-દાદરના *યોગી સભાગૃહ*માં એમનું પ્રવચન સાંભળવા પાંચ હજાર લોકો ઊમટે છે. પુરુષો સફેદ કફની-પાયજામો અને મહિલા-યુવતીઓ સફેદ રંગની સાડી કે ડ્રેસ પહેરીને આવે છે. ભગવાન ખુદ આદેશ આપતા હોય એમ એમના અનુયાયીઓ રાકેશભાઈની આજ્ઞા માથે ચઢાવે છે. એમના એક અવાજ પર મુમુક્ષો કરોડોનો કારોબાર છોડી દે અને કોઈ ભક્તને ભક્તિ છોડીને વેપાર-ધંધામાં જોડાઈ જવાનો આદેશ મળે તો એ પાછો બિઝનેસ પણ શરૂ કરી દે છે. રાકેશભાઈના અનુયાયીઓમાં કરોડપતિ વેપારીઓ ઉપરાંત ડૉક્ટર, એન્જિનિયરો, કમ્પ્યુટર નિષ્ણાતોથી લઈને પ્રોફેસરો છે.

પાંત્રીસ જેટલાં યુવક-યુવતી બ્રહ્મચર્યનું વ્રત લઈને કાયમ માટે રાકેશભાઈની સાથે ને સાથે રહે છે. આ જૂથ *આત્માર્પિત* તરીકે ઓળખાય છે. માતાના ગર્ભમાં બાળક હોય ત્યાંથી લઈને ૭૦-૮૦ વરસના વૃદ્ધો માટે *ગર્ભાર્પિત, સમર્પિત, જીવનાર્પિત, હૃદયાર્પિત, સર્વાર્પિત, શરણાર્પિત, પ્રેમાર્પિત* અને *ચરણાર્પિત* નામનાં ગ્રુપ છે. દરેક ઉંમરના લોકોની અલગથી પ્રવૃત્તિ ચાલે છે. દાદર અને ધરમપુરમાં એમની દર મહિને શિબિર થાય છે. *સાધના ભઠ્ઠી* નામની શિબિરમાં ચારસો જેટલા કૉલેજિયનોથી લઈને વૃદ્ધો સળંગ બોતેર કલાકની મૌન સાધના કરે છે.

ધરમપુર આશ્રમમાં થતી આવી એક શિબિરમાં અમે હાજર રહ્યા હતા.

*તમારા અનુયાયીઓમાં સૌથી વધુ જુવાનિયા જોવા મળે છે એનું શું કારણ?*

આ પ્રશ્નના જવાબમાં રાકેશભાઈ *ચિત્રલેખા*ને કહે છે કે હું કોઈને બંધનમાં રાખતો નથી. આ કરો, આટલું જ કરો એવું કંઈ નહીં. કોઈ યુવાન મારી પાસે આવે. સિગારેટ પીતો હોય એને હું સીધી ના

લંડનનાં જિજ્ઞાસા મહેતા તથા કેનેડાના પ્રકાશભાઈ મોદી પરિવાર સાથેઃ સાધના ભઠ્ઠીમાં ભાગ લેવા લાંબો પ્રવાસ ખેડ્યો.




પાડતો નથી. એને કહ્યું, તારે પીવી હોય એટલી સિગારેટ પી, પણ સાથે ભક્તિય કર. થોડા જ દિવસમાં ભક્તિ રંગ લાવે. એનામાં આપોઆપ સમજણ આવે અને સિગારેટ તો શું, ભલભલાં વ્યસન એ આપોઆપ છોડી દે.

અગાસ આશ્રમ કરતાં રાકેશભાઈ અહીં જુદા પડે છે. કોઈને બંધનમાં રાખતા નથી. ધરમપુર આશ્રમમાં અમને કિરણબહેન ખોખાણી નામનાં મહિલા મળ્યાં. બહેન ૨૩ વર્ષનાં હતાં ત્યારથી રાકેશભાઈનાં ભક્ત છે. એ સમયે રાકેશભાઈની ઉંમર માત્ર અગિયાર વર્ષની હતી. ઘણા ભક્તો રાકેશભાઈને અવતારી પુરુષ ગણે છે. જો કે રાકેશભાઈ કહે છે કે અમારા ગુરુ તો પરમ કૃપાળુ દેવ.

*તમે વ્યક્તિપૂજામાં માનો છો?*

જવાબમાં રાકેશભાઈ કહે છે કે વ્યક્તિપૂજા એટલે શું? ગુરુ પ્રત્યે આદર હોવો જરૂરી છે. તમને કોઈ વ્યક્તિ ડ્રાઈવિંગ શિખવાડે કે ગણિત શિખવાડે તો એની અંદર શ્રદ્ધા હોય જ છે. તમે સચીન તેન્ડુલકરને આરાધ્ય દેવ ગણો, પણ સચીન તમને ક્રિકેટ શિખવાડતો નથી, પરંતુ જે કોચ શિખવાડે એને સચીન કરતાં પણ વધુ આદર આપો છો એવું અધ્યાત્મ માર્ગનું છે. ગુરુની આંધળી વ્યક્તિપૂજા નહીં કરો, પણ સંપૂર્ણ આદર, સંપૂર્ણ સમર્પણ જરૂરી છે. ગુરુ વિના જ્ઞાન નહીં, નહીં અને નહીં જ મળે.

ધરમપુરની *સાધના ભઠ્ઠી* શિબિરમાં ભાગ લેવા છેક લંડનથી જિજ્ઞાસા મહેતા એની સાત વર્ષની પુત્રી રિયાને લઈને આવી હતી. જિજ્ઞાસા મહેતા *ચિત્રલેખા*ને કહે છે કે મારો જન્મ લંડનમાં થયો છે. આટલાં વર્ષોમાં ઘણા પંથમાં જઈ આવી, પણ સાહેબશ્રી જેટલી સરળતાથી સમજણ આપે એવી સમજણ-શાંતિ બીજે ક્યાંય મળતી નથી. સાહેબશ્રી અમારા લેવલ પર આવીને સમજાવે. લંડનથી આવેલી હેતલ શાહ અને કેનેડાથી આવેલાં હેતલનાં માતા-પિતા પ્રકાશભાઈ મોદી અને એમનાં પત્ની પ્રફુલ્લાબહેન કહે છે કે અમે વર્ષોથી પરમ કૃપાળુ દેવના ભક્તો છીએ, પણ રાકેશભાઈ સરળ ભાષા, ઉદાહરણો થકી પ્રવચન આપે ત્યારે ઘણા પ્રશ્નોના જવાબ મળી રહે છે. કેનેડામાં અમે દર અઠવાડિયે મેડિટેશન અને ધાર્મિક પુસ્તકના વાંચન માટે ભેગાં થઈએ. એમાં તમામ ધર્મનાં પુસ્તક વાંચવાની સાહેબ સલાહ આપે. અમુક જ ક્રિયા કરવી કે અમુક જ વાંચવું એવાં કોઈ બંધન હોતાં નથી.



*લઘુરાજસ્વામીના લીધે શ્રીમદ્ રાજચંદ્ર પંથનો પ્રસાર શરૂ થયો.*

રાકેશભાઈની આ સ્ટાઈલ નવી પેઢીને આકર્ષે છે. દાદરમાં દર પંદર દિવસે થતા ભાષણની નાનકડી પુસ્તિકા અને કેસેટ ચપોચપ વેચાય છે. દર પંદર દિવસે થતા ભાષણને સાંભળીને જે મુમુક્ષુઓ ઈચ્છે એમને પચ્ચીસ માર્કનું પેપર આપવામાં આવે. ઘેરબેઠાં પેપર લખીને સેન્ટર પર મોકલવામાં આવે. યુવાન આત્માર્પિત અપૂર્વ કોઠારી કહે છે કે આ પરીક્ષાનો હેતુ એટલો જ કે ભક્તોને પોતાને ખયાલ આવે કે અધ્યાત્મની દિશામાં પોતે કેટલા આગળ વધ્યા અને કેટલા પાછળ છે. ધરમપુરનો મહેલ જેવો આશ્રમ, ત્યાંની ભોજનવ્યવસ્થા, *આત્માર્પિત*થી *સમર્પિત* ગ્રુપની પ્રવૃત્તિ ઉપરાંત બાળકોમાં આધ્યાત્મિક સંસ્કાર સિંચવા મૅજિક ટચ સ્કૂલથી લઈને પરદેશનાં સેન્ટર અને ત્યાંની પ્રવૃત્તિ સંભાળવા રાકેશભાઈએ આખેઆખું નેટવર્ક બનાવ્યું છે. સ્વામિનારાયણ સંપ્રદાયની જેમ આશ્રમ અને નેટવર્કના વિકાસ માટે અત્યાધુનિક




ચિત્રલેખા પરિવારમાં હવે આવી ગયું છે
એક નોખું-અનોખું બાળ સાપ્તાહિક

ચિત્રલેખા સ્માર્ટ કિડ


આઠ પાનાંના આ કલરફુલ ટેબ્લોઈડ સાપ્તાહિકમાં છે તમારા સંતાનને મોહી લે એવા અવનવા માહિતી લેખ, પુરાણકથા, જ્ઞાન-વિજ્ઞાનની વાત, ડ્રોઈંગ તથા ક્વિઝની ઈનામી સ્પર્ધા અને સાથે ઘણું બધું!
આવું રમતીલું-ગમતીલું સ્માર્ટ કિડ શાળાના વિદ્યાર્થીઓને મળી શકે છે ચિત્રલેખા સાથે તદ્દન ફ્રી!
- પણ એ માટે ભરવું પડશે ચિત્રલેખાનું વાર્ષિક લવાજમ રૂપિયા ૬૦૦/-

વધુ વિગત માટે સંપર્ક
ચિત્રલેખા
મુંબઈઃ ૯૩૨૨૨ ૪૪૩૯૨ • અમદાવાદઃ ૯૩૨૭૦ ૨૧૬૪૯
રાજકોટઃ ૯૩૭૪૧ ૦૨૩૫૦ • વડોદરા/સુરતઃ ૯૩૭૬૨ ૨૯૯૦૯

ટેક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભક્તિની સાથે આશ્રમ દ્વારા સામાજિક કાર્યો કરવામાં આવે છે. ધરમપુરમાં *શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલ* બનાવવામાં આવી છે. મુંબઈની પ્રાઈવેટ હૉસ્પિટલને ટક્કર મારે એટલાં સાધનોથી સજ્જ હૉસ્પિટલમાં ગામડાંના પેશન્ટો માટે એક દિવસ રહેવા-જમવાનો ચાર્જ માત્ર પચાસ રૂપિયા છે. કોઈ ગરીબ આદિવાસી દરદી પાસે પૈસા ન હોય તો ફ્રી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. આ ઉપરાંત, ગુરુકુળ અને પાંજરાપોળ છે.

રાકેશભાઈની જેમ જ મુંબઈના શ્રીમંત વિસ્તાર પેડર રોડ પર રહેતા પપ્પાજીએ પણ મુંબઈથી ૧૦૦ કિલોમીટર દૂર પરલી ગામે *શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન આશ્રમ* બનાવ્યો છે, જેના નેજા હેઠળ આસપાસનાં ગામડાંના લોકો, બાળકો માટે *રાજ એજ્યુકેશન, રાજ મેડિકલ, રાજ વૉકેશનલ ટ્રેનિંગ* ચલાવવામાં આવે છે. મુંબઈમાં પપ્પાજીનું હેડ ક્વાર્ટર મુલુંડમાં છે. પરલી ખાતેના આશ્રમમાં અત્યારે ૨૬ જેટલા મુમુક્ષુ કાયમી નિવાસ કરે છે. આ કાયમી નિવાસીમાં ઘાટકોપરની *સોમૈયા કૉલેજ*ના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ જોશીસાહેબ તથા એમનાં પત્ની પણ છે. મુલુંડમાં રહેતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મનમોહન સિંઘવી આશ્રમના પ્રેસિડન્ટ છે.

મનમોહનભાઈ કહે છે કે અહીં અમારો મુખ્ય ધ્યેય ભક્તિ જ છે, પણ સાથે





*શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન આશ્રમ, પરલીના અધિષ્ઠાતા 'પપ્પાજી' પ્રવીણભાઈ મહેતા પોતાના પ્રવચનમાં વિજ્ઞાનીની જેમ ભક્તિનું જ્ઞાન સમજાવે છે.*

આજુબાજુનાં પાંચ ગામડાંને દત્તક લઈને ખૂબ વ્યવસ્થિત ધોરણે સમાજસેવાનું કામ કરીએ છીએ. પ્રૌઢ ભણતર અને આરોગ્ય માટે દર અઠવાડિયે અલગ અલગ ગામમાં મોબાઈલ વેન સ્ટાફ સાથે જાય છે. જે આદિવાસી સ્ત્રી-પુરુષો દિવસ દરમિયાન મજૂરીએ જતાં હોય એમની અનુકૂળતાએ જઈને એમને મોબાઈલ-યુનિટ શિક્ષણ આપે છે. આદિવાસીઓ દ્વારા બનાવવામાં આવતી થેલી, તોરણ, ગિફ્ટ્સ આર્ટિકલનું *ઉડાન* બ્રાન્ડનેમ હેઠળ વેચાણ કરવામાં આવે છે અને એ જ પ્રમાણે *ચાકરી* બ્રાન્ડનેમ હેઠળ ખાખરા, અથાણાં, ફેન્સી ચૉકલેટ, વગેરે ખાદ્ય પદાર્થ બનાવીને વેચવામાં આવે છે.

મનમોહન સિંઘવી કહે છે કે ભવિષ્યમાં અમે અહીં મોટા ગૃહઉદ્યોગ સ્થાપીશું, જેમાંથી આદિવાસીઓ દ્વારા બનાવવામાં આવેલી ચીજવસ્તુ એક્સ્પોર્ટ કરીશું અને એનું મૅનેજમેન્ટ આદિવાસીઓ જ સંભાળે એવો પ્રોજેક્ટ બનાવ્યો છે.

આ આશ્રમના પ્રણેતા પપ્પાજીનું સાચું નામ પ્રવીણભાઈ મહેતા છે. ૭૫ વર્ષના પ્રવીણભાઈને પાંચ સંતાન છે. મુમુક્ષુઓ એમને ગુરુ કહે એ એમને જરા પણ પસંદ નથી.

*ચિત્રલેખા* સાથે વાત કરતાં પપ્પાજી કહે છે કે અમારા ગુરુ તો એક જ પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર છે. મારી મનાઈ છતાં કોઈ અનુયાયી ગુરુ કહે એવી વ્યક્તિને હું મળતો જ નથી એટલે લોકો આપોઆપ ગુરુ કહેવાનું બંધ કરે. પ્રવીણભાઈ ૧૯૬૫ની સાલમાં અનાયાસે દેવલાલીમાં આવેલા શ્રીમદના આશ્રમમાં ગયા અને બસ, પછી ત્યારથી શ્રીમદના ભક્ત બનીને વર્ષો સુધી બિઝનેસ છોડીને એકાંતમાં આત્મચિંતન કરતા રહ્યા. શરૂઆતમાં એમના ઘેર જ સત્સંગ ચાલતો. પછી ભક્તો વધતાં મુલુંડમાં એક બિલ્ડિંગમાં સેન્ટર શરૂ કર્યું. અંતે ૨૦૦૨ની સાલમાં પરલીમાં બાવન એકર જમીન ખરીદીને આશ્રમ બનાવી વિવિધ ઍક્ટિવિટી શરૂ કરી.

*તમે ઈશ્વરમાં માનો છો?*

એના જવાબમાં પપ્પાજી કહે છે કે ઈશ્વર તમારી અંદર જ છે. ઈશ્વર કરતાં કર્મ મહાન છે. જો કોઈ વ્યક્તિ સાથે દુઃખદ બનાવ બને તો લોકો કહે છે કે આ તો કર્મના દોષ ભોગવવા પડે. મતલબ, ઈશ્વર ખુદ કર્મની લેતીદેતી ભૂંસી શકતો નથી. એનો અર્થ એ કે ઈશ્વર કરતાં પણ કર્મ મહાન છે. રાકેશભાઈ જેવી ચમત્કૃતિ ન હોવા છતાં પપ્પાજીના પ્રવચનની રજૂઆત સરળ તથા સચોટ છે.

મુંબઈ ઉપરાંત કોલકાતા, ચેન્નઈ, બેંગલોર, જબલપુર અને પરદેશમાં બે-ત્રણ ઠેકાણે સેન્ટર ચલાવતા પપ્પાજી ઝભ્ભો-લેંઘોય પહેરે અને એટલી જ આસાનીથી જીન્સ ને ટી-શર્ટ પણ પહેરે છે. પરલીના આશ્રમ અને મુંબઈ વચ્ચે પપ્પાજી અપ-ડાઉન કરતા રહે છે.

રાકેશભાઈ અને પપ્પાજીની જેમ અમદાવાદથી ૧૩૧ કિલોમીટર દૂર આવેલા સાયલા આશ્રમના નલિનભાઈ શાહ પણ *શ્રીરાજ સોભાગ આશ્રમ*ના અધિષ્ઠાતા છે. કૃપાળુ દેવના ચાર મુમુક્ષુમાં એક સોભાગભાઈ મૂળ સાયલાના હતા એટલે આશ્રમનું નામ *રાજ સોભાગ* રાખ્યું છે. નલિનભાઈના અનુયાયીઓ એમને *ભાઈશ્રી* કહે છે. ધીરગંભીર સ્વભાવના નલિનભાઈ ૧૯૭૮ સુધી શ્રીમદના નામને જાણતા નહોતા, પણ એક દિવસ એમના સસરા સાયલાસ્થિત આશ્રમના ગુરુ બાપુજીને નલિનભાઈના ઘાટકોપરના ઘેર લઈ આવ્યા. એ દિવસથી એમનું જીવન જ સાવ પલટાઈ ગયું. ૨૭ વરસની ભક્તિમય સફરમાં નલિનભાઈ સાયલા આશ્રમના મુમુક્ષુઓના ભાઈશ્રી બની ગયા છે.

અમદાવાદ-રાજકોટ હાઈ-વેને અડીને આવેલો ૧૪ એકરનો આશ્રમ ખૂબ જ રમણીય છે. આશ્રમના *કલ્યાણ સત્સંગ હૉલ*માં અગાસની પદ્ધતિ પ્રમાણે દિવસભર ભક્તિ થતી રહે છે. અગાસની સરખામણીમાં અહીં ભક્તોને થોડી છૂટછાટ મળે છે.

સાયલાની શિબિરમાં ભાગ લેવા છેક લોસ એન્જલિસ અને ન્યુ યોર્કથી તેજલ શાહ અને એકતા શાહ આવ્યાં હતાં. કૉલેજિયન યુવતી એકતા અમેરિકન છાંટવાળું અંગ્રેજી બોલે છે. એકતાના પિતા ડેન્ટિસ્ટ છે. ન્યુ યોર્કના એમના વિશાળ ઘરમાં દર અઠવાડિયે થતા સત્સંગ માટે મુમુક્ષુઓ ભેગા થાય છે. સાયલામાં અમને અમેરિકાથી આવેલાં ૧૦૫ વર્ષનાં માજી પણ મળી ગયાં. સૂરજબા નામનાં આ માજી કહે છે કે હું દર વર્ષે અમુક મહિના આશ્રમમાં રહેવા આવું છું, પણ હવે બે વર્ષથી અહીં જ રહું છું. હવે ક્યાંય જવું નથી.

સાયલા હોય કે અગાસ, પરલી હોય કે ધરમપુર કે કોબા આશ્રમ... શ્રીમદ્ રાજચંદ્રના તમામ આશ્રમમાં સ્વચ્છતા અને શિસ્ત ઉપરાંત ભક્તોના ચહેરા પર પણ ગજબની શાંતિ જોવા મળે છે. ઘર-પરિવાર, સુખસાહ્યબી છોડીને કાયમ માટે આશ્રમમાં રહી જવું એ પહેલી નજરે દેખાય એટલી સરળ વાત નથી, પણ અમને અલગ અલગ પાંચ આશ્રમમાં અનેક લોકો મળ્યા. એ દરેક મુમુક્ષુનો એક જ જવાબ હતો કે *અમને અહીં જે સુખ મળે એ સંસારમાં નહીં મળે. અહીં અમે ખૂબ નિરાંત અને શાંતિ અનુભવીએ છીએ.*


સાયલામાં પણ આશ્રમ દ્વારા આંખની હૉસ્પિટલ અને મેન્ટલી રિટાર્ડેડ તેમ જ જોઈ-સાંભળી-બોલી નહીં શકતાં બાળકોની ઈન્ટરનૅશનલ સ્ટાન્ડર્ડની સ્કૂલ છે.

અહીંની મલ્ટિપલ ડિસ્એબિલિટી શાળામાં ભણતાં બાળકો માટે અલગ જ પ્રકારનું જિમ્નેશિયમ ગુજરાત તો ઠીક, મુંબઈમાંય જોવા ન મળે.

*તમે પોતાને ગુરુ માનો છો?*

*ચિત્રલેખા*ના સવાલનો જવાબ આપતાં નલિનભાઈ કહે છે કે હું બાપુજીનો આધ્યાત્મિક વારસદાર છું, પણ હા, અધ્યાત્મનો માર્ગ અટપટો છે. એમાં ગુરુ જોઈએ જ. ગુરુ વિના જ્ઞાન નહીં મળે એ અમસ્તું કહ્યું નથી.

અમદાવાદથી વીસ કિલોમીટર દૂર ગાંધીનગર રોડ પર કોબા ખાતે પણ *શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર* આવેલું છે. કોબાના અધિષ્ઠાતા આત્માનંદજી છે. ઈંગ્લેન્ડમાં એફઆરસીએસ થનારા આત્માનંદજીએ ૧૯૬૮માં ગંભીર બીમારી પછી ડૉક્ટરી વ્યવસાયમાંથી કામચલાઉ નિવૃત્તિ લેવી પડી. એ સમયે ધાર્મિક પુસ્તકોના વાંચન દરમિયાન એમની કરિયરે યુ-ટર્ન લીધો. પત્ની શર્મિષ્ઠાબહેન ડૉક્ટરના વ્યવસાયમાં હતાં. ડૉ. મુકુંદ સોનેજી એટલે કે આત્માનંદજીએ અધ્યાત્મક્ષેત્રે જવાનું પસંદ કર્યું. ૧૯૮૪માં વિધિસર રીતે સંસારી જીવન છોડીને એ સાધુ બન્યા અને કોબા આશ્રમની સ્થાપના કરી. કોબામાં પણ સત્સંગ અગાસની પદ્ધતિએ જ કરાવવામાં આવે છે.



*કોબાના શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્રના આત્માનંદજી.*



*સાયલાના શ્રીમદ્ રાજ સોભાગ આશ્રમના 'ભાઈશ્રી' નલિનભાઈ.*

આશરે સાત એકરમાં ફેલાયેલા આશ્રમમાં ગુરુકુળ છે, જેમાં દૂરનાં ગામડાંનાં પંચાવન બાળક રહે છે. એ ઉપરાંત, *દિવ્યધ્વનિ* માસિક સહિત ૪૫ જેટલાં નાનાં-મોટાં પ્રકાશન પ્રકાશિત થાય છે. કોબામાં પણ આજની તારીખે પાંત્રીસ જેટલા સાધક કાયમી ધોરણે નિવાસ કરે છે. કોબામાં પણ મુમુક્ષુ દિલ દઈને સંસ્થાને દાન કરે છે.

કોબામાં અમને મળી ગયેલા પ્રફુલ્લભાઈ લાખાણી ભોજનશાળામાં દાળ-શાક પીરસતા હતા. ૩૬ વર્ષ પહેલાં અમેરિકા જઈને સૉફ્ટવેર કંપની શરૂ કરનારા પ્રફુલ્લભાઈની *રિલાયેબલ ગ્રુપ* નામની ફેક્ટરીમાં બે હજાર માણસ કામ કરે છે, પણ થોડાં વર્ષ પહેલાં એ તમામ સંપત્તિ બન્ને પુત્રને નામે કરીને પત્ની સુધાબહેન સાથે આશ્રમમાં વસી ગયા. આશ્રમમાં કરોડો રૂપિયાનું દાન કરતા પ્રફુલ્લભાઈ *ચિત્રલેખા*ને કહે છે કે આજની તારીખે મારા કે પત્નીના નામે બૅન્ક બૅલેન્સમાં એક રૂપિયો કે પ્રૉપર્ટી નથી. જરૂર પડ્યે દીકરાઓ સામેથી મોકલાવે. બાકી, પરમ કૃપાળુ દેવ પર પૂરતો વિશ્વાસ છે.

કોબામાં દર સોમવારે તમામ ભક્ત મૌન પાળે છે, જ્યારે ભોજનશાળામાં જમતી વખતે દરેકે મૌન પાળવું પડે. જે મૌન તોડે એનું નામ બહાર બોર્ડ પર લખવામાં આવે છે.

*જ્ઞાન પ્રાપ્ત કરવા ગુરુ કેટલી હદે જરૂરી છે?*

એવા અમારા સવાલના જવાબમાં આત્માનંદજી કહે છે કે તમારે પીએચ.ડી. થવું હોય, સંગીત શીખવું હોય કે કમ્પ્યુટર શીખવું હોય... જે તે ક્ષેત્રના નિષ્ણાત પાસે જવું જ પડે એવું અધ્યાત્મનું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પાછલા થોડા દાયકામાં અનેક ફાંટા થયા. જૈનોમાં પણ અનેક ફાંટા થયા એવી રીતે શ્રીમદ્ રાજચંદ્ર સંપ્રદાયનો પ્રભાવ શરૂઆતમાં નહીંવત્ હતો, પણ અલગ અલગ ફાંટા થતાં પ્રભાવ ઝડપથી વધી રહ્યો છે. ધરમપુર, કોબા, સાયલા કે પરલી આશ્રમના અધિષ્ઠાતા ચોક્કસ પ્રસંગે એકબીજાને ત્યાં આવ-જા કરતા રહે છે.

*તમે બધા સાથે કેમ થઈ જતા નથી? અલગ અલગ કેમ છો?*

એના જવાબમાં કોબાના આત્માનંદજી કહે છે કે આ તો કળિયુગનો પ્રભાવ છે. દરેક સંપ્રદાયમાં આગળ જતાં ફાંટા પડે એ સ્વાભાવિક છે.

બીજી તરફ, રાકેશભાઈ ઝવેરી કહે છે કે સાહેબ, અમારી પાંચ આંગળી અલગ છે, પણ હાથ એક જ છે અને જમતી વખતે પાંચ આંગળી ભેગી થઈ જ જતી હોય છે. વર્ષમાં એક વાર અમે તમામ અધિષ્ઠાતા અને અગાસના પદાધિકારીઓ રાજકોટમાં ભેગા થઈએ છીએ!

શ્રીમદના જન્મસ્થાન વવાણિયામાં દાયકાઓથી નાનકડું સ્મારક હતું, જે આજે શ્રીમદની ચોથી પેઢીના વારસદારો સંભાળે છે. કચ્છના ભૂકંપ વખતે જૂનું સ્મારક તૂટી પડ્યું હતું. હવે વવાણિયામાં પણ ભવ્ય સ્મારક મંદિર, ધ્યાન હૉલ, બંધાઈ રહ્યાં છે. શ્રીમદના મુંબઈસ્થિત એક વારસદાર પાસે શ્રીમદનો ઓરિજિનલ ફોટો, ઓરિજિનલ લખાણ અને ચાંદીની ચરણપાદુકા છે, પણ આ વારસદારો ક્યાંય પોતાનું નામ પ્રગટ થાય એવું ઈચ્છતા નથી... ■



*અમેરિકામાં કરોડો ડૉલરનો બિઝનેસ છોડીને પત્ની સાથે કોબામાં રહેતા પ્રફુલ્લભાઈ લાખાણી.*



*સાયલા આશ્રમમાં રહેતાં ૧૦૫ વરસનાં સૂરજબા: હવે અમેરિકા નથી જવું.*



*એકતા શાહ: સાયલા આશ્રમમાં આવ્યા બાદ ન્યુ યોર્ક યાદ આવતું નથી.*